# વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ-૩૮૮૧૧૦

વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી અને બાગાયત વિભાગ, બી. એ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૯-૬-૧૭ થી તા. ૨૩-૬-૧૭ દરમ્યાન ગ્રીન હાઉસ/નેટ હાઉસમાં ખેતી અંગેનો તાલીમ કાર્યક્રમ ખેડૂતો માટે આયોજીત કરવામાં આવેલ. સદર તાલીમ કાર્યક્રમમાં ૨૫ તાલીમાર્થીઓને બૌદ્ધિક અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી. જેમાં વિવિધ પ્રકારનાં ગ્રીન હાઉસ / નેટ હાઉસ, તેના માટે સ્થળ પસંદગી તથા જરૂરી સાધન સામગ્રી વિશે સમજ આપવામાં આવી. આ ઉપરાંત, તાલીમાર્થીઓને ૧૫ દિવસની દરમ્યાન ગ્રીન હાઉસ અને નેટ હાઉસમાં થતા વિવિધ પાકોની ખેતી પધ્ધતિ, પાક સંરક્ષણ, મુલ્ય વુધ્ધિ અને બજાર વ્યવસ્થા વિશે વિગતવાર તાલીમ આપવામાં આવી. સદર તાલીમ નો પુર્ણાહુતી કાર્યક્રમ માન. કુલપતિશ્રી, ડૉ. એન. સી. પટેલનાં અધ્યક્ષ સ્થાને કૃષિ તજજ્ઞતા માહિતી કેન્દ્ર (એટીક), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે તા. ૨૩.૦૬.૨૦૧૭ ના રોજ યોજવામાં આવ્યો. માન. કુલપતિશ્રીએ ખેડૂતોને ઉપલબ્ધ ટેકનોલોજી અને કોઠાસૂઝનો ઉપયોગ કરી ઓછા ખર્ચે મહત્તમ ઉત્પાદન લેવાનો અનુરોધ કર્યો. આ ઉપરાંત માન. કુલપતિશ્રીએ ગ્રીન હાઉસ/નેટ હાઉસમાં સજીવ ખેતીથી પાક ઉત્પાદન લઇ અને તેની નોધણી કરાવી વધુ નફો લેવા બાબતે ભાર મુક્યો. આ પ્રસંગે ડૉ. અરુણ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને ડૉ. શૈલેશ ડી. પટેલ, કોર્સ કોર્ડીનેટર પણ ઉપસ્થિત રહ્યા હતા.

વિસ્તરણ શિક્ષણ નિયામક




ગ્રીન હાઉસ / નેટ હાઉસમાં ખેતી અંગેની તાલીમનાં પુર્ણાહુતી કાર્યક્રમમાં ખેડૂતો સાથે ચર્ચા કરતા
માન. કુલપતિશ્રી, ડૉ. એન. સી. પટેલ